લાખો સભાસદોના પશુ પ્રેમની – પરસેવાની અને પરંપરાની ગૌરવગાથા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૧૧ | મે - ૨૦૨૨ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

# સરહદની સેવામાં દૂધસાગર

## એક મુલાકાત : સેટેલાઈટ ડેરી વિહાર શીતકેન્દ્ર




**(વિશેષ અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

દૂધસાગર ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલક દૂધ ઉત્પાદક સભાસદો હવેની દૂધસાગર અને દૂધસાગરના વિવિધ કાર્યક્ષેત્રોને જાણી શકે - સમજી શકે તેવો નૂતન નિયામક મંડળનો સતત અભિગમ રહ્યો છે. જેના ભાગરૂપે દૂધસાગર પત્રિકા પોતાના દરેક નવા અંકમાં દૂધસાગર સાથે જોડાયેલ વિવિધ એકમોની તથા તેના ઉત્પાદન અને કાર્યશૈલીથી આપને શાબ્દિક વાકેફ કરવાનો સતત પ્રયત્ન કરે છે. જેના ભાગરૂપે ; અમો આજે સેટેલાઈટ ડેરી વિહાર શીતકેન્દ્રની ભૂતકાળ તથા વર્તમાનની વાતો લઈ આપની સમક્ષ ઉપસ્થિત છીએ.

વિહાર મિલ્ક ચીલીંગ સેન્ટર એ દૂધસાગરની સેટેલાઈટ ડેરીઓ પૈકીનો એક સમૃધ્ધ એકમ છે જેની સ્થાપના વર્ષ 1964 માં આ વિસ્તારની સહકારી દૂધ મંડળીઓના સંપાદિક થયેલા કાચા દૂધના સંગ્રહ તેમજ તે દૂધને ઠંડુ રાખી તેની ગુણવત્તાને અકબંધ રાખવાના હેતુથી કરવામાં આવ્યો હતો. શરૂઆતના વર્ષોમાં આ સંગ્રહીત દૂધને મુખ્ય પ્લાન્ટ મહેસાણા સપ્લાય કરવામાં આવતું હતું. પરંતુ , સમયની જરૂરીયાત પ્રમાણે જુદા-જુદા જેતે સમયના મેનેજમેન્ટ દ્વારા વિહાર શીતકેન્દ્રમાં વિવિધ સુવિધાઓ ઉભી થતી ગઈ અને આજે વિહાર શીતકેન્દ્ર એ દૂધસાગરનો એક સમૃધ્ધ - સ્વચ્છ અને સુનિયોજીત એકમ તરીકે ઉભરી આવ્યો છે. શરૂઆતના તબક્કામાં વિહાર પ્લાન્ટમાં કેન દ્વારા વિજાપુર, માણસા અને વિસનગર સહિતના વિસ્તારમાંથી દૂધ સંપાદન કરવામાં આવતું હતું. જે ધીમે-ધીમે વધીને BMC અને કેન દ્વારા દૈનિક ત્રણ લાખ લિટર દૂધનું આપણે સંપાદન અને પ્રોસેસીંગ કરી શક્યા છીએ. લગભગ ૧૨ એકર વિસ્તારમાં પથરાયેલ વિહાર શીત કેન્દ્રની મશીનરી પ્રોસેસીંગ ક્ષમતા દૈનિક ૪.૫ લાખ રહેલી છે. વિહાર શીત કેન્દ્રના દૂધને અમૂલ ફેડરેશન ના આયોજન મુજબ મધર ડેરી - ગાંધીનગરને સપ્લાય કરવામાં આવે છે. શરૂઆતના તબક્કામાં ટેક્નોલોજીસ્ટ એન્ડ ક્વોલિટી કંટ્રોલ ટીમ દ્વારા વિહાર શીતકેન્દ્રના દૂધની ગુણવત્તાના ડેટા મેળવી પૃથ્થકરણ કરતા નક્કી થયું કે ; વિહાર ચીલી સેન્ટર ખાતે આજુબાજુના વિસ્તારમાંથી કરવામાં આવતા દૂધ સંપાદનમાં ગાયના દૂધનું પ્રમાણ વધુ હોવાથી તથા દૂધની ગુણવત્તા જોતા SCM પ્લાન્ટ ઉભો કરવાની તમામ ગુણવત્તાઓ વિહાર શીત કેન્દ્રમાં જોતાં, દૂધસાગર ડેરીનો બીજો SCM પ્લાન્ટ વિહાર શીતકેન્દ્ર ખાતે ઉભો કરવામાં આવે અને **1** જુલાઈ **2000** થી દૈનિક **20** MT (મેટ્રિક ટન) ક્ષમતાથી દૂધનું કોર્મશિયલ ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું.

આમ તો, મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) પોતાના નિર્માણના શરૂઆતના દિવસોથી જ ભારતીય સેનાને દૂધ પાવડર અને જરૂરીયાત મુજબની વિવિધ પ્રોડક્ટસ ઉચ્ચ ગુણવત્તા સાથે પુરી પાડતી આવી છે. **1962** ના યુધ્ધમાં પણ દૂધસાગરે ભારતીય સેના માટે જરૂરીયાત પ્રમાણેનો દૂધ પાવડર સમયસર પહોંચાડી પરોક્ષ રીતે દેશ સેવામાં પોતાનું ઉત્તમ પ્રદાન આપ્યું હતું. અને આજે પણ દૂધસાગર ભારતીય સેના સાથે સતત દેશ સેવામાં પોતાનું ઉત્તમ પ્રદાન આપી રહી છે. અગાઉ વર્ષો સુધી




# ભારતીય સેના સાથેનો દૂધસાગર ડેરીનો સબંધ અડધી સદીથી સચવાઈ રહ્યો છે !

(પેજ નંબર ૧ થી શરૂ)

આપણી દૂધસાગર ડેરીએ આર્મીને દૂધનો ઉત્તમ પ્રકારનો પાવડર પહોંચાડયો છે. તો હાલમાં, ભારતીય સેનાની દુર્ગમ ઠંડકના અને સરહદના પહાડી પ્રદેશો ઉપર તેમની જરૂરીયાત પ્રમાણેનું **(SCM) અમૂલ મીઠાઈ મેટ** થી જાણીતું દૂધ 1999-2000 થી ભારતીય આર્મી તથા ITBP (ઈન્ડો તિબેટ બોર્ડર ફોર્સ) ને પહોંચાડવાનું કામ દૂધસાગર ડેરી કરી રહી છે. આ દૂધના ઉત્પાદન માટે ડેરી તંત્ર દ્વારા ઉચ્ચ ગુણવત્તા વાળું દૂધ આપતી પસંદ કરેલી મંડળીઓમાંથી કાચું દૂધ પસંદ કરવામાં આવે છે. આ દૂધને પેશ્ચ્યુરાઈઝ્ડ એન્ડ સ્ટાન્ડર્ડાઈઝ કરવામાં આવે છે જેમાં ફેટ અને SNF ના નિર્ધારીત ધોરણોનું શતપ્રતિશત 100% પાલન કરી તેમાં ગણતરી કરેલી ખાંડની ચાસણી ઉમેરવામાં આવે છે. તેને મિક્સ કરી પછી તેને કન્ડેન્સ પ્લાન્ટમાં 2.5 : 1 ના રેશિયા મુજબ ઘટ્ટ કરવામાં આવે છે ત્યારબાદ લેબોરેટરીમાં તેની ગુણવત્તાની ચકાસણી કરી તેનું મુખ્યત્વે 400 ગ્રામ ટીનમાં પેકિંગ કરી આ SCM દૂધને કોલ્ડ સ્ટોરેજમાં 20+/-2$^{0}$C તાપમાને જાળવવામાં આવે છે અને ભારતીય સેના ની જરૂરીયાત મુજબ આર્મીના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ફરી તેની ગુણવત્તા ચકાસી સેનાને સમગ્ર ભારતમાં પહોંચતું કરવામાં આવે છે.




અગાઉ, 1999-2000 થી વર્ષ 2012-2013 સુધી આ દૂધ દૂધસાગર ડેરી મહેસાણા અને વિહાર એમ બે જગ્યાએથી ભારતીય સેનાને પહોંચતું કરવામાં આવતું હતું પરંતુ, 2013-14 થી હવે માત્ર વિહાર શીત કેન્દ્રથી દૂધસાગરની આ અમૂલ મિઠાઈ મેટ બનાવટ આર્મી અને ITBP ફોર્સને વેચાણ કરવામાં આવે છે. આજ દિન સુધી મહેસાણા ખાતેથી 6274.52 MT (મેટ્રિક ટન) અને વિહાર ખાતેથી 9964.72 MT (મેટ્રિક ટન) દૂધ ભારતીય સેનાને તથા ITBP ફોર્સને મહેસાણા ખાતેથી 1649.94 MT અને વિહાર શીત કેન્દ્રથી ITBP ફોર્સને 3745.16 MT અમૂલ મીઠાઈ દૂધ પહોંચતું કરવામાં આવ્યું છે. હાલમાં, વિહાર ખાતે આ દૂધના 400 GM ટીન, 2.5 KG ટીન અને 280 KG બેરલમાં પેકીંગ કરવામાં આવે છે જે તેની બનાવટ પ્રમાણે અનુક્રમે : ૧૨ મહિના, ૬ મહિના અને ૩ મહિના સુધી પોતાની ગુણવત્તા જાળવી રાખે છે.

વર્ષ 2021-2022 માં દૂધસાગર ડેરીના મેનેજમેન્ટમાં ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નવા નિયામક મંડળના આગમન બાદ ભારતીય સેનાને વેચાણ થતા ઉત્પાદનની સંપૂર્ણપણે ક્વોલિટી જળવાઈ રહે તે માટે GS.1 ફુડ ટ્રેસેબીલીટી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે જેમાં આર્મીમાં સપ્લાય થતા દરેક ટીન અને બોક્સ ઉપર QR-CODE સ્ટીકર લગાડવામાં આવે છે અને આ લેબલના પરિણામે ભારતીય સેનાના કોઈપણ ડેપો અથવા સેન્ટર પરથી એક-એક ટીનને સ્કેન કરી તેની બનાવટની તારીખથી લઈ ઉપયોગ કરવામાં આવેલા તમામ તત્વોની માહિતી મેળવી શકાય છે. ચાલુ વર્ષે નવા મેનેજમેન્ટ દ્વારા ARMY અને ITBP બોક્સના સ્ટ્રેપીંગ માટે નવીન મશીન વસાવવામાં આવ્યું છે. જેના કારણે મહેસાણા દૂધસંઘને આર્મી માટે ઉત્પાદન કરવામાં આવતા આ ઉત્પાદન ખર્ચમાં આશરે ૩ લાખ રૂપિયાનો સીધો નફો થઈ રહ્યો છે.

**આપણા બધા માટે ગૌરવ લેવા જેવી બાબત તો એ છે : સમગ્ર ભારતમાં સહકારી ક્ષેત્રે SCM (અમૂલ મીઠાઈ મેટ) જેવા જટીલ અને સંવેદનશીલ ઉત્પાદનને દૂધસાગર ડેરી સંપૂર્ણ સફળતા સાથે સેના અને સમાજને અર્પણ કરી રહી છે.**

આ ઉપરાંત, વિહાર શીતકેન્દ્રના કન્ડેન્સિંગ પ્લાન્ટમાં વિવિધ સાધનોથી આધુનિક રીતે સૂસજ્જ લેબોરેટરીમાં SCM બનાવવામાં ઉપયોગી તમામ કાચા માલની ગુણવત્તા પણ ચકાસવામાં આવે છે તથા તેના કેમીકલ અને માઈક્રોબાયોલોજીકલ ટેસ્ટ કરવામાં કડક ધારાધોરણોનું સંપૂર્ણ સજાગતાથી ધ્યાન રાખવામાં આવે છે.

અમારી વિહાર શીતકેન્દ્ર ખાતેની આ મૂલાકાત દરમ્યાન અમને જાણવા મળ્યું કે ; આ સેટેલાઈટ ડેરીમાં સમયજતાં દૂધનું સંપાદન વધતા ક્રિમ પ્રોસેસીંગ તથા આ પ્રદેશમાં ગાયના દૂધના વધારે સંપાદનને ધ્યાનમાં રાખી અમૂલ ગાય ઘી નો એક સ્વતંત્ર એકમ ઉભો કરી 2006 ના વર્ષમાં તેનું પ્રારંભિક ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું. આ ગાયના ઘીના ઉત્પાદનના શરૂઆતના તબક્કામાં મહેસાણા પ્લાન્ટમાંથી જુના સાધનો અને મશીનરીનો ઉપયોગ કરી ગાય ના ઘી નું ઉત્પાદન કરવામાં આવ્યું ત્યારબાદ ઘી ના વેચાણની વૃધ્ધિ મેનેજમેન્ટ સમક્ષ આવતાં ગાયના ઘી માટે ઉપયોગી નવી મશીનરી તેમજ નવા CBMM (કન્ટીન્યુઅસ બટર મેકીંગ મશીન) નો ઉમેરો કરવામાં આવ્યો તથા ઘી માટે ગ્રેન્યૂલેશન રૂમ કે જે ; દાણાદાર ગાયનું ઘી બનાવવા અનિવાર્ય છે તેની સુવિધા વિક્સાવવામાં આવી. આ ઘી ના ઉત્પાદનમાં ગાયના દૂધની ટકાવારી RTPCR જેવા સાધનોથી કરવામાં આવે છે. નિયમીતપણે, આ વિસ્તારમાં ગાયના દૂધ સંપાદનના રૂટ અલગ રાખવામાં આવે છે જેનો ઉપયોગ કરી આ ગાયોના દૂધમાંથી ક્રિમ એકત્ર કરી પ્રિ-સ્ટ્રેટીફીકેશન પધ્ધતિ દ્વારા નિર્ધારીત ધારા ધોરણ મુજબનું એગમાર્ક ગ્રેડનું અમૂલ ગાય ઘી લેબોરેટરીમાં ચકાસણી બાદ પેક કરવામાં આવે છે.







શરૂઆતના તબક્કામાં વિહારશીત કેન્દ્ર ખાતે થી પ્રતિમાસ 30 MT (મેટ્રિક ટન) ગાયના ઘી નું ઉત્પાદન થતુ હતું જે વધીને હવે, 100 થી 120 MT પ્રતિમાસ નિયમીત ઉત્પાદન થાય છે. હાલમાં, દૂધસાગરની યશગાથામાં વધારો કરતાં વિહાર શીતકેન્દ્ર ખાતેથી ૫૦૦ મિલીલિટર પાઉચ, ૧ લિટર પાઉચ અને ૧ લિટર ટીનમાં ગાયના શુધ્ધ ઘી નું પેકીંગ કરવામાં આવે છે. આગામી દિવસોમાં ૧૫ કિલોગ્રામ ટીન અને પ્લાસ્ટીક જારમાં અમૂલ ગાયના ઘી નું પેકીંગ કરવાની યોજના ચાલી રહી છે. ઉપરોક્ત ફેરફારોથી આગામી સમયમાં વિહાર શીત કેન્દ્ર ખાતે થી પ્રતિમાસ 300 MT ગાયના ઘીનું ઉત્પાદન થાય તેવું લક્ષાંક રાખવામાં આવ્યું છે. **ઉલ્લેખનીય છે કે ; માર્ચ ૨૦૨૨ દરમ્યાન ગાયના ઘી ના વેચાણના તમામ રેકોર્ડ બ્રેક થયા છે. અને અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ 168.84 MT (મેટ્રિક ટન) થવા પામ્યું છે. જેના માટે સંસ્થાના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને તેમનું સમગ્ર સાથી નિયામક મંડળ, અધિકારીઓ અને વિહાર શીત કેન્દ્રના તમામ કર્મચારીઓ અભિનંદન ના પાત્ર છે.** ચાલુ વર્ષે નવા વહિવટ દ્વારા  મહેસાણા ખાતે ભેંસના દૂધનું (A-2) પાઉચનું ઉત્પાદન શરૂ થતાં આ વર્ષથી વિહાર શીત કેન્દ્ર ખાતે આવતા ભેંસના દૂધને મહેસાણા ખાતે મોકલવામાં આવી રહ્યું છે.  દૂધસાગર પત્રિકાની આ વિહારશીત કેન્દ્રની મુલાકાત દરમ્યાન અમને અનુભવ થયો ત્યાંના સકારાત્મક વાતાવરણનો અને ગાય જેવી પવિત્રતાનો સાથે- સાથે સેના જેવો જુસ્સો અહીંના કર્તવ્યનિષ્ઠ કર્મચારી ભાઈ-બહેનોમાં પણ જોવા મળ્યો. સૂર્ય આથમણી દિશામાં અસ્ત થઈ રહ્યો છે છતાં વિહાર શીત કેન્દ્રને છોડવાનું મન નથી થતું આજ લાગણી અને ભાવના સાબિત કરે છે કે ; " **આપણી દૂધસાગર હવે બદલાઈ રહી છે !!** "

## પંદર દૂધ મંડળીઓને સરકારની સહાયના રૂપિયા ૩૩,૨૫,૦૦૦ નું સંસ્થાના વડાના હાથે વિતરણ



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) માં છેલ્લા પંદર માસના સત્તાકીય પરિવર્તન બાદ કેન્દ્ર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનો ભરપૂર લાભ - સમયસર દૂધમંડળીઓ અને પશુપાલકોને મળી રહ્યો છે. હાલમાં, મધમાખી ઉછેર કેન્દ્રની શિબીરો હોય કે પ્રાકૃતિક ખેતીના સેમીનાર બધામાં દૂધસાગર ડેરી તંત્ર ઉત્સાહથી ભાગ લઈ ભવિષ્યના બજારોને પ્રાપ્ત કરી આ વિસ્તારના પશુપાલકોને આર્થિક સમૃધ્ધી આપવા કટિબધ્ધ બન્યું છે. ગત તારીખ ૨૮ અપ્રિલના રોજ ફરી એકવાર દૂધસાગર ડેરીના અધિકારીઓની મહેનતના પરિણામ સ્વરૂપ રાજ્ય સરકારની નવિન દૂધઘર અને દૂધ ગોડાઉન ની સહાયનો દૂધસાગર સંચાલિત પંદર દૂધ મંડળીઓને લાભ થવા પામ્યો છે. જે અનુક્રમે (૧) કુબડા દૂ.ઉ.સ.મંડળી (૨) ઉમરી દૂ.ઉ.સ.મંડળી (૩) ભાણપુર દૂ.ઉ.સ.મંડળી (૪) અમરપુરા(ખ) દૂ.ઉ.સ.મંડળી (૫) મિયાંસણા દૂ.ઉ.સ.મંડળી (૬) ઉમરી દૂ.ઉ.સ.મંડળી (૭) મંડાલી (ખે) દૂ.ઉ.સ.મંડળી (૮) વીરપુર (વ) દૂ.ઉ.સ.મંડળી (૯) કનોડા દૂ.ઉ.સ.મંડળી (૧૦) કુવારા દૂ.ઉ.સ.મંડળી (૧૧) આનંદપુરા (ઘુ) દૂ.ઉ.સ.મંડળી (૧૨) જાસ્કા દૂ.ઉ.સ.મંડળી (૧૩) મુબારકપુરા દૂ.ઉ.સ.મંડળી (૧૪) બાપુપુરા દૂ.ઉ.સ.મંડળી (૧૫) નારદીપુર દૂ.ઉ.સ.મંડળી ઉપરોક્ત દૂધ મંડળીઓને દૂધસાગર ડેરીના સંનિષ્ઠ અધિકારીઓની સરકારશ્રી સાથેના સતતના તાલમેલથી રૂ.૩૩,૨૫,૦૦૦ (તેત્રીસ લાખ પચ્ચીસ હજાર ) ના ચેકોનું દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરી સાહેબ તથા સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર સાહેબ ના હસ્તે વિતરણ કરવામાં આવ્યું. આ ચેક વિતરણ બાદ વિવિધ દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીશ્રી સાથે સાહજિક વાત કરતાં-કરતાં અશોકભાઈ ચૌધરીએ મળેલી સહાયનો સદ ઉપયોગ કરવાનું સૂચનની સાથે-સાથે મંડળી ક્ષેત્રે પડતી મુશ્કેલીઓ જાણવાનો પ્રયત્ન કર્યો હતો. આ દરમ્યાન વિવિધ મંડળીઓના હોદ્દેદારો પાસેથી તેમના અનુભવ લઈ ચેરમેનશ્રીએ અધિકારીઓને સ્થળ ઉપર જ સૂચીત કર્યા હતા અને આ બેઠક દરમ્યાન સંસ્થાના MD ધીરજ કુમારે સીધી વાતચીત કરી આગામી યોજનાઓથી મંડળીઓના હોદ્દેદારોને વાકેફ કર્યા હતા તથા સેક્સડ્ સિમેન ડોઝ વાપરવાનો આગ્રહ રાખ્યો હતો.

## નવા નિયામક મંડળના નિરંતર સુધારના આગ્રહથી દૂધ માનસાગર ડેરી બચતના પથ ઉપર અગ્રેસર



દૂધસાગર ડેરીમાં સત્તા પરિવર્તન બાદ નવનિયુક્ત ચેરમેન શ્રી સહિત સમગ્ર નિયામક મંડળ પોતાના વહિવટમાં પારદર્શીતા અને કરકસરને પ્રથમ પ્રાધાન્યતા આપી રહ્યું છે. દૂધસાગરના વિવિધ એકમોમાં હયાત સંશાધનોની મદદથી વધુમાં વધુ લાભ કેવી રીતે મેળવી શકાય ? અને, બગાડ કેવી રીતે અટકાવી શકાય ? તેનું સતતના ધોરણે મનોમંથન ચાલી રહ્યું છે. દિલ્હીના માનેસર ખાતે આવેલ દૂધ માનસાગર ડેરી ના UHT વિભાગ દ્વારા દૂધની તથા છાશના પાઉચમાં વપરાતા પ્લાસ્ટીક ફિલ્મનો બગાડ અટકાવવા સ્થાનિક કક્ષાએ ભરપૂર પ્રયાસ થઈ રહ્યા છે અને તેના સારા પરિણામ મળી રહ્યાનું અધિકારીઓ દૂધસાગર પત્રિકાને જણાવી રહ્યા છે. અગાઉ, આ ડેરીમાં 135 ML ના પાઉચમાં જે 95 MM નું પ્લાસ્ટીક વપરાશમાં લેવાતું હતું. તેને ઘટાડી 92 MM નું કરી દેવામાં આવ્યું છે. પરિણામ સ્વરૂપ ; 3 MM ફિલ્મની બચત થવા લાગી છે. આ પ્રયત્નથી મહિને 3.6 % ની બચત થવા પામી છે જે પ્રમાણે એક મહિનામાં 288 કિલો ફિલ્મની બચત થઈ રહી છે અને કિંમતની દ્રષ્ટિકોણથી જોઈએ તો આ ફિલ્મની મૂળ કિંમત પ્રમાણે માસિક 73,000 રૂપિયા તથા વાર્ષિક 8,76,000 રૂપિયાની સીધી બચત થવા પામી છે. આજે UHT પ્રોડક્શન કરતી બીજી ડેરીઓની સરખામણીમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત માનેસર ખાતેની " દૂધ માનસાગર ડેરી" 10 % ફિલ્મનો વપરાશ ઓછો કરી પશુપાલકોના વાર્ષિક લાખો રૂપિયાની બચતના માર્ગે આગળ વધી રહી છે. આ સાથે, આગામી ભવિષ્યમાં આ ડેરી પાણી, વિજળી સહિત અન્ય બાબતોમાં વધુમાં વધુ કેવી રીતે બચત કરી શકે ? તે માટે શ્રી. અશોકભાઈ ચૌધરી સહિત નૂતન નિયામક મંડળનું સતત માર્ગદર્શન મેળવી રહી હોવાનું દૂધ માનસાગરના જવાબદાર અધિકારીઓ સંસ્થાના આ મુખપત્રને જણાવી રહ્યા છે.

# દૂધસાગરના ડૉક્ટરની ડાયરી



## બાવલાના – ગળીયાના રોગ ઉપર કાબૂ મેળવીએ



સ્વસ્થ અને તંદુરસ્ત દૂધ ઉત્પાદન માટે આપણા પશુઓ રોગ મુક્ત રહે અને રોગ થતાં પહેલાં જ તેના ઉપર કાબૂ મેળવી લેવામાં આવે તો પશુ અને દૂધ ઉત્પાદન બંને સમૃધ્ધ બને છે તથા રોગ નિયંત્રણ બહાર નીકળી જાય તે પહેલાં તેનું નિદાન થઈ જાય તો પશુપાલકને આર્થિક ભારણ તથા પશુવિહીન થતાં બચાવી શકાય છે.

મહેસાણા દૂધસંઘના વેટરનરી વિભાગના એક સર્વે પ્રમાણે આપણા કાર્યક્ષેત્રમાં જોવા મળતી વિવિધ બિમારીઓના કેસોમાં થી લગભગ ૧૦ ટકા રોગ બાવલા ના (મસ્ટાઈટીસ) જોવા મળ્યા છે. આ રોગ ગાય - ભેંસ વગેરે સસ્તન વર્ગના પશુઓમાં જોવા મળે છે. બાવલાનો સોજો (મસ્ટાઈટીસ) ના રોગ ઉપર નિયંત્રણ માટે દરેક પશુપાલકોએ જાગૃત થવું ઘણું અનિવાર્ય છે. એમ કહેવાય છે કે ; આંચળના - બાવલાના મસ્ટાઈટીસ રોગ માટે પશુ કરતાં માણસ વધુ જવાબદાર છે. આંચળ તથા બાવલાના સંસર્ગમાં કોઈપણ જાતના જીવાણું આવે અને આ ખતરનાક જીવાણુંઓ માટે ઉપદ્રવ ફેલાવી શકે તેવું અનુકુળ વાતાવરણ મળી જાય તો આ જીવાણુંઓ રોગ ફેલાવવામાં પશુ ઉપર કોઈ દયા કરતા નથી. આ બિમારી જીવાણું , વિષાણું અને ફૂગ વગેરેથી થાય છે. જીવાણુંથી થતો રોગ ચેપી પણ હોઈ શકે છે અને તેનો ભોગ તંદુરસ્ત જાનવરો પણ બની શકે છે. પશુઓને આંચળ ઉપર કોઈ કારણોસર ઈજાઓ થઈ હોય, પશુઓના રહેઠાણ ગંદા હોય, પશુઓના આંચળના સંકોચક સ્નાયુઓ ઢીલા પડી ગયા હોય, પશુઓના આંચળની દૂધ ગ્રંથીઓ લાંબી અને લટકતી હોય, દૂધ દોહનની પધ્ધતિ ખોટી હોય - અંગુઠાથી આંચળને દબાવીને દૂધ દોહતા હોઈએ, દૂધ દોહનારના હાથ ગંદા હોય, દૂધ દોહ્યા બાદ પશુના બાવલામાં દૂધ રહી જતું હોય, દૂધ દોહવાના મશીનમાં કોઈ યાંત્રિક ખામી ઉભી થઈ હોય તથા એ મશીનને સ્વચ્છ રાખવામાં બેકાળજી રખાતી હોય, પશુના આંચળમાં સળી, પીંછું કે કોઈપણ વસ્તુ નાખી હોય અને પશુની રોગ પ્રતિકારક શક્તિ નબળી હોય ત્યારે બાવલાના રોગ થવાની સંભાવના અનેક ઘણી વધી જાય છે.

બાવલાનો રોગ પશુપાલક અને આપણા દૂધસંઘ માટે પણ એક આર્થિક રોગ બની આપણી સમક્ષ ઉભો છે. એક અનુમાન પ્રમાણે મસ્ટાઈટીસના રોગથી આપણા મહેસાણા દૂધ સંઘને વાર્ષિક ૫૦ કરોડ રૂપિયાનું નુકશાન થાય છે. તેમાંથી માત્ર ૨૦ કરોડ રૂપિયાનું નુકશાન તો બાહ્ય ચિન્હો વગરના મસ્ટાઈટીસ ના રોગને લીધે થાય છે. આ ઓળખી ન શકીએ તેવા સબક્લિનીકલ મસ્ટાઈટીસના રોગમાં પશુ પુરું દૂધ આપી શકતું નથી અને સમગ્ર દૂધ ઉત્પાદનમાં ૨૫ ટકા જેટલો ધરખમ ઘટાડો થવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. આ રોગને કારણે જાનવર મહત્તમ દૂધ ઉત્પાદન સુધી કદાપી પહોંચી શકતું નથી અને તેના પરિણામે તેના કુલ દૂધ ઉત્પાદનના સમયમાં પણ ભારે ઘટાડો જોવા મળે છે. કેટલાક સંજોગોમાં તો, પશુનો આંચળ કાયમી રીતે બગડી જાય છે અને તેનાથી દૂઝણી ગાય કે ભેંસ હંમેશા માટે નકામા બની જાય છે. આવા જાનવરોને કારણે સારવાર ખર્ચ ઉપરાંત પશુપાલકોને સખત આર્થિક ફટકો પડે છે. ક્લિનીકલ (બાહ્ય ચિન્હોવાળા) મસ્ટાઈટીસના એક કેસની સામે સબક્લિનીકલ (બાહ્ય ચિન્હો વગરના) કેસની સંખ્યા ૧૫ થી ૪૦ ઘણી વધારે હોય છે. આ ન દેખાતા રોગથી આંચળ, બાવલા કે દૂધમાં કોઈ ફેરફાર દેખાતો નથી ફક્ત દૂધ ઉત્પાદનમાં દિવસે-દિવસે ઘટાડો જોવા મળે છે.

### શું હોઈ શકે આ રોગનું નિદાન ?

સબક્લિનીકલ (બાહ્ય ચિન્હો વગરના) મસ્ટાઈટીસ એટલે કે છુપા ગળીયાના રોગનું નિદાન કરવું પશુ પાલકો માટે ઘણું અઘરૂં છે. આ રોગની સંકા જતાં પશુ માલિક તેના પ્રારંભિક નિદાન માટે કેલિફોર્નિયા મસ્ટાઈટીસ ટેસ્ટ (CMT) નો પ્રયોગ કરી શકે છે : આ પધ્ધતિ પ્રમાણે દૂધની તપાસ માટે પ્લાસ્ટીકનું ચારખાના વાળું એક સફેદ પાત્ર હોય છે. તેમાં દરેક ખાનામાં - દરેક આંચળમાંથી થોડું થોડું દૂધ લેવામાં આવે છે. અને દૂધમાં સરખે ભાગે નિદાન માટેનું દ્રાવણ નાખવામાં આવે છે. (આ દ્રાવણ સંઘના સ્ટોરમાં મળી શકે છે) આ દ્રાવણ નાખ્યા પછી સફેદ પાત્રને હળવેથી હલાવી દૂધ તથા દ્રાવણને ભેગા કરવામાં આવે છે. થોડા સમય પછી આ દૂધને તપાસતાં જો દૂધમાં કોઈપણ જાતનો ફેરફાર જણાય નહીં તો - આ રોગ નથી ! અને જો આ પ્રયોગ દરમ્યાન મિશ્રણ ચીકણું અને જેલી જેવું ઘાટું થઈ જાય અને દૂધ અને પાણી છુટું પડી જાય તો છુપો ગળીયો (બાહ્ય ચિન્હો વગરનો) મસ્ટાઈટીસ રોગ છે. તેમ સમજવું. દૂધસાગર પત્રિકાના વાંચકો આ ગળીયાના રોગથી પશુપાલકને આર્થિક કેટલું નુકશાન થાય છે તથા સમયસર તેના સંઘ દ્વારા ચાલતા નિયંત્રણ કાર્યક્રમમાં તપાસ અને દવા ખવડાવવાની જાગૃતિ દાખવવામાં આવે તો આ રોગ ઉપર મોટા અંશે આપણે કાબૂ મેળવી શકીએ છીએ જે નીચેના કોઠાઓ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે.

### ગળીયા નિયંત્રણ કાર્યક્રમ ના પરિણામો

| વિગત | ૧૭-૧૮ | ૧૮-૧૯ | ૧૯-૨૦ | ૨૦-૨૧ | ૨૧-૨૨ |
|---|---|---|---|---|---|
| અમલ કરેલ દૂધ મંડળીઓની સંખ્યા | ૪૭ | ૪૭ | ૪૭ | ૩૭ | ૩૫ |
| મંડળી કક્ષાએ તપાસેલ ગ્રાહકો | ૬૨૩૩૨ | ૪૩૯૮૭ | ૪૧૬૬૭ | ૬૯૯૮૪ | ૪૭૫૧૮ |
| ગ્રાહકોના દૂધ માં જોવા મળેલ છુપો ગળીયો | ૨૧૧૮૭ | ૧૪૮૦૦ | ૧૨૮૩૭ | ૨૩૭૬૪ | ૧૫૬૧૪ |
| છુપા ગળીયાનું પ્રમાણ % માં | ૩૪% | ૩૪% | ૩૧% | ૩૪% | ૩૩% |
| ગ્રાહકોના દૂઝણા પશુઓની છુપા ગળીયા ની તપાસ | ૩૫૯૩૫ | ૫૧૧૪૪ | ૪૬૦૧૪ | ૯૨૯૧૦ | ૫૯૨૩૫ |
| પશુઓમાં જોવા મળેલ છુપો ગળીયો | ૩૧૬૯૪ | ૨૬૧૩૩ | ૨૪૮૭૪ | ૪૬૨૬૨ | ૨૯૭૮૮ |
| પશુઓમાં જોવા મળેલ છુપા ગળીયાના % | ૪૮% | ૫૧% | ૫૪% | ૫૦% | ૫૦% |
| **છુપા ગળીયાની દવા ખવડાવ્યા બાદ ૧૦ દિવસ પછી** | | | | | |
| અગાઉ પશુઓમાં જોવા મળેલ છુપા ગળીયાવાળા પશુની તપાસ | ૩૧૩૦૦ | ૨૬૨૪૨ | ૨૪૬૧૦ | ૪૬૨૧૧ | ૨૯૬૦૨ |
| પશુઓમાં જોવા મળેલ છુપો ગળીયો | ૧૦૩૯૫ | ૮૭૬૨ | ૯૧૪૨ | ૧૪૦૪૮ | ૧૨૩૨૧ |
| પશુઓમાં જોવા મળેલ છુપા ગળીયાના % | ૩૩% | ૩૩% | ૩૭% | ૩૦% | ૪૨% |
| કેટલા પશુઓમાંથી છુપો ગળીયો મટી ગયો | ૨૧૨૯૯ | ૧૭૩૭૧ | ૧૫૭૦૨ | ૩૨૨૧૪ | ૧૭૪૬૭ |
| ગળીયો મટી ગયેલ પશુની ટકાવારી | ૬૭% | ૬૬% | ૬૩% | ૭૦% | ૫૯% |

## મસ્ટાઈટીસ ગળીયા નિયંત્રણથી પશુદીઠ વાર્ષિક ફાયદો

### પશુને એક વખત મસ્ટાઈટીસ (ક્લીનીકલ - બાહ્ય ચિન્હોવાળો) ગળીયો થવાથી થતું આર્થિક નુકશાન

| | |
|---|---|
| દૂધ ઉત્પાદનમાં ૨૫% નો ઘટાડો થવાથી કુલ વેતરના ૩૦૦૦ લીટર માંથી ૭૫૦ લી. ના રૂ.૩૦ પ્રતિ લીટરે પ્રમાણે | રૂ. ૨૨,૫૦૦/- |
| વિઝીટનો ખર્ચ (૫ વિઝીટ) | રૂ.૫૦૦/- |
| કુલ | રૂ.૨૩,૦૦૦/- |

ઉપરોક્ત બાબતોથી અવગત થયા પછી, દૂધસાગરના પશુપાલકો સમજી શક્યા હશે કે ; છૂપો ગળીયો મટી જવાથી દૂધ, ફેટ અને એસ.એન.એફ માં વધારો જોવા મળે છે અને દેખીતો ગળીયો થવાની સંભાવના ઓછી થઈ જાય છે. આપણા મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા તાજેતરમાં દૂધ મંડળી કક્ષાએ **ગળીયા નિયંત્રણ કાર્યક્રમ** તાજેતરમાં ચાલી રહ્યો હોઈ આવો આપણે બધા સાથે મળી આ કાર્યક્રમમાં ભાગ લઈ તેને સફળ બનાવીએ અને આપણા કાર્યક્ષેત્રના પશુઓને ગળીયા મુક્ત બનાવી સુખી સંપન્ન બની દૂધસાગરને દૂધથી છલકાવી દઈએ !!




આપણી પ્રાચીન પરંપરાગત જીવનશૈલી આત્મનિર્ભર હતી. જીવન જરૂરીયાતની તમામ વસ્તુઓ ગામડાઓમાં સહજ ઉપલબ્ધ હતી અને આ અર્થમાં ભારતના પ્રાચીન ગામડાં આત્મનિર્ભર હતાં ! સમયાંતરે ભૌતિકતાની દોડમાં ગામડામાંથી માણસો શહેર તરફ ભાગ્યા - અને અનેક જરૂરીયાતોની પૂર્તિ માટે માણસજાત ઓશિયાળી બનતી ગઈ. ખાસ કરીને : ઉર્જા અને ખાતર માટે !!

ભારતના વર્તમાન દૂરંદેશી વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદી હંમેશા વેસ્ટમાંથી બેસ્ટ શોધી કાઢે છે. તાજેતરની રેડિયો પરની તેમની "મન કી બાત" માં તેઓએ આ ગોબરધનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ; ગોબરધન યોજનાથી ગાય ભેંસના ગોબરનું ઉર્જા અને ખાતરમાં રૂપાંતરણ કરી સ્વચ્છતા અને ધનપ્રાપ્તિ સાથે રોજગારીના નવા સ્ત્રોત ઉભા થશે. ખાતર અને બાયોગેસના વેચાણથી ખેડૂતોની આવક વધશે તથા જૈવિક ખાતરથી ખેત પેદાશોનું ઉત્પાદન અને રાસાણિક ખાતરોનું ભારણ ઘટતાં ધરતી ઝેર મુક્ત બનવાની સાથે-સાથે મેક ઈન ઈન્ડિયા ના સ્વપ્નને સાકાર કરવામાં ભારે મદદ મળશે.

ગોબરધન યોજનાથી ખેડૂતોની ગ્રામીણ વિદ્યુતની માંગ સંતોષી શકાશે તથા ગેસ, ખાતર, લાઈટીંગ, વાહન ઈંધણ જેવી અનેક જરૂરીયાતો પર્યાવરણના રક્ષણ સાથે મેળવી શકાશે. ગોબરધન યોજનાનો વધુમાં વધુ લાભ ખેડૂતો અને પશુપાલકોને મળે તે માટે ભારત સરકાર દ્વારા સઘન આયોજન હાથ ધરાયું છે. સરકારશ્રીના જણાવ્યા અનુસાર ; ત્રણ પ્રકારના બાયોગેસ મોડલને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે. **(૧) વ્યક્તિગત બાયોગેસ મોડેલ :** હાલમાં આણંદ જિલ્લાના ઝકરિયાપુરા ગામે આ સફળ મોડલનો અમલ કરાયો છે **(૨) બાયો-CNG પ્લાન્ટ :** હાલમાં, બનાસડેરી દ્વારા દામા ખાતે આ મોડલ સફળતા પૂર્વક અમલ કરી રહ્યું છે **(૩) ગૌ-શાળા સંચાલિત મોડેલ :** વધારે જાનવરો ધરાવતા એકમો ઉપર આ મોડેલ અંગે વિસ્તૃત અભ્યાસ હાથ ધરાયો છે.

સરકાર દ્વારા ગ્રામ્યવિકાસ અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આપણા મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે હાલમાં ૨૦૦ વ્યક્તિગત લાભાર્થીઓ માટે ૨ ઘનમીટર ક્ષમતાના બાયોગેસ પ્લાન્ટ સરકારની યોજનામાં મંજૂર થવા પામ્યા છે. આ બાયોગેસ પ્લાન્ટ લાભાર્થીઓના ઘર કે વાડામાં લગાવી આપવામાં આવશે. જેના થકી દર મહિને દરેક લાભાર્થીને ત્રણ બોટલ જેટલો રાંધણ ગેસ ઉપરાંત ઉત્તમ ખાતર મળી રહેશે. આ ઉપરાંત વધારાની સ્લરી (ગેસ બાદ વધેલો છાણનો ઉત્તમ પ્રકાર) મહેસાણાની દૂધસાગર ડેરી ખરીદી લેશે જેનાથી આપણી સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતા પશુપાલકોને વધારાની આવક પ્રાપ્ત થશે. આ સ્લરીને ડેરી દ્વારા પ્રોસેસ કરી તેનું જૈવિક ખાતરમાં રૂપાંતરણ કરી દૂધસાગર સંચાલિત વિવિધ દૂધ મંડળીઓના માધ્યમથી ખેડૂતોને પહોંચાડવામાં આવશે. જેના કારણે ખેડૂતોની રાસાયણિક ખાતરો ઉપરની નિર્ભરતા ઘટવાની સાથે-સાથે જૈવિક ખેતી (પ્રાકૃતિક ખેતીને) પ્રોત્સાહન પ્રાપ્ત થશે. આ યોજનાના સફળ અમલીકરણથી ખેડૂતો - પશુપાલકોની આર્થિક સ્થિતી મજબૂત બનવાની સાથે-સાથે ઝેર મુક્ત ધરતી અને પ્રદૂષણ મુક્ત આકાશ સ્વપ્નને સાકાર કરવામાં ભારે મદદ મળશે.

## સરકારની ગોબરધન યોજના આધારિત માહિતી

### 2 ક્યુબિક મીટર કેપેસીટી PVC કોટેડ ફ્લેક્ષી બોયોગેસ પ્લાન્ટ

- આ બાયોગેસ પ્લાન્ટ માટે લાભાર્થી પાસે બે થી ત્રણ પશુઓની સંખ્યા અને તેનું છાણ ઉપલબ્ધ હોવું જોઈએ.
- દરરોજ ૪૦-૬૦ કિ.ગ્રા. છાણમાંથી દર મહિને ૨-૩ LPG બોટલ જેટલો રાંધણગેસ બને છે જેની કિંમત આશરે ૧૫૦૦ રૂપિયા જેટલી થાય છે.
- આ બાયોગેસ પ્લાન્ટથી દરરોજ ૧૦૦ લિટર જેટલું પ્રવાહી ઓર્ગેનિક ખાતર મળે છે જેના વપરાશ અથવા વેચાણથી પશુપાલક માસિક ૧૫૦૦ રૂપિયાની આવક મેળવી શકે છે અને તે હિસાબે ; વાર્ષિક ૨૫,૦૦૦ - ૩૦,૦૦૦ રૂપિયાની બચત અથવા આવક પ્રાપ્ત કરી શકે છે.

**આ બાયોગેસ પ્લાન્ટ માટે સરકારશ્રી તરફથી ક્યા સાધનો મળશે ?**

- 2 ક્યુબીક મીટર PVC કોટેડ પ્રિફેબ્રીકેટેડ કેપેસીટી ફ્લેક્ષી બોયોગેસ પ્લાન્ટ.
- 20 WATT/230V એ.સી. બાયોગેસ બુસ્ટર પંપ
- ડબલ બર્નર બાયોગેસ સ્ટવ.
- 100 ફુટ આઉટલેટ PVC પાઈપ
- છાણ મીક્ષર અને મોઈશ્ચર રીમુવર



**આ બોયોગેસ પ્લાન્ટમાં કુલ કેટલો ખર્ચ થશે ?**

- બાયોગેસ યુનિટનો કુલ ખર્ચ : 42000 રૂપિયા
- લાભાર્થીએ ભરવાના : 5000 રૂપિયા
- મળવાપાત્ર સબસીડી : 37000 રૂપિયા

ભારત સરકાર અને ગુજરાત સરકારની ભાગીદારીથી શરૂ કરવામાં આવેલી આ ગોબરધન યોજનાનો દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતા તમામ દૂધ ઉત્પાદકો લાભ લે તેવી અપીલ. (આલેખન : અશ્વિન વી. ચૌધરી - મેનેજરશ્રી દૂધસાગર ડેરી)

# દૂધસાગર અમારું બીજુ પિયર છે !!



તાજેતરમાં પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના વઘાસર ગામની દૂધ મંડળીમાં દૂધ ભરાવતી પશુપાલક બહેનોએ દૂધસાગર ડેરીની મૂલાકાત લીધી હતી. આ દરમ્યાન તેઓએ સંસ્થાના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી સાથે મૂલાકાત કરી અનેક વાતો કરી હતી. તેઓએ પોતાને મળતા દૂધના પૂરતા ભાવ અને દૂધસાગરના સંચાલકો દ્વારા આ વ્યવસાયના ઉજળા ભવિષ્યની ખાતરીને પોતાની શક્તિ ગણાવી રાજીપો વ્યક્ત કર્યો હતો : એક બેન તો ખડખડાટ હસતાં-હસતાં બોલ્યા ; દૂધસાગર તો અમારું પિયર છે અને અશોકભાઈ અમારો વીર !! હવે, અમારી ચિંતા એ કરશે ... (તસ્વીર : દૂધસાગર પત્રિકા)

## દૂધસાગર ના પશુપાલકો જોગ જાહેર ખબર

પશુપાલક ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વર્ષ : ૨૦૨૨-૨૩ માટે અમલી વિવિધ વ્યક્તિલક્ષી અને સંસ્થાલક્ષી સહાયકારી યોજનાઓનો (બાર દૂધાળાં પશુ સ્વરોજગારી હેતુલક્ષી યોજના સહિત) લાભ લેવા માટે i-khedut પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવી ફરજીયાત છે. ઓનલાઈ અરજી કરવા માટે તા.૦૧-૦૫-૨૦૨૨ થી તા.૩૧-૦૫-૨૦૨૨ દરમ્યાન પોર્ટલ ખુલ્લુ રહેશે. લાભ લેવા ઈચ્છતા તમામ પશુપાલકોએ i-khedut પોર્ટલની વેબસાઈટ https:ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે તે યોજના અંતર્ગત રાજ્ય/જિલ્લાના કુલ લક્ષ્યાંકના પ્રમાણમાં નિયત થયેલ સમય મર્યાદામાં ઓછી અરજીઓ પ્રાપ્ત થયેલ હશે તો યોજના/યોજનાઓ પૂરતું પાર્ટલ અરજીઓ સ્વીકારવા માટે વધુ સમય માટે ચાલુ રાખવામાં આવશે, જે બાબત i-khedut પોર્ટલ પર પ્રદર્શિત કરવામાં આવશે. આ યોજનાઓમાં સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ દિવ્યાંગ પશુપાલક ઉમેદવારો લાભ લઈ શકશે. યોજનાઓ અંગે વધુ જાણકારી માટે નજીકની પશુ સારવાર સંસ્થા / કચેરીનો સંપર્ક કરવો.

# સાગર મંથન

**કોઈપણ સંસ્થા પોતાના કર્મચારીઓની એકતા, સમજ અને કામવૃત્તિથી પોતાનું ભવિષ્ય નિર્માણ કરતી હોય છે. દૂધસાગર ડેરી એ લાખો પશુપાલકો - દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીઓ - દૂધસાગરના હજારો કર્મચારીઓ અને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અનેક લોકો સાથે જોડાયેલી છે ત્યારે આ અંકથી એમના મનની સમસ્યાનું નિષ્ણાત અધિકારીઓ દ્વારા સમાધાન મળે તે આશય થી અમે ઉપલબ્ધ છીએ : સાગરમંથન કોલમથી ...**

**પ્રશ્ન : એક દૂધસાગરના કર્મચારી તરીકે આપણું વર્તન અને ફરજ નિષ્ઠા કેવી હોવી જોઈએ ? (કૃણાલ ઠક્કર - ઓફિસર સિસ્ટમ ડિપાર્ટમેન્ટ)**

કોઈપણ સંસ્થાની સફળતા અને વિકાસમાં એના કર્મચારીઓ નો ફાળો વિશેષ હોય છે. કર્મચારીઓની ટીમ સંસ્થાનું ઉજ્જવળ ભવિષ્ય કે ઘોર અંધકાર નક્કી કરે છે. દૂધસાગર આપણી માતા છે. એ જનની ની જેમ આપણું પોષણ કરે છે. એટલે કેટલીક વાતો મનમાં ગાંઠ વાળીને અપનાવવી જોઈએ (૧) દૂધસાગરમાં આવો ત્યારે માત્ર તનથી નહીં પણ મનથીય દૂધસાગરમાં હાજર રહો - કામને બોજ ના માનો એને પ્રેમ કરો (યાદ રાખો : અહીં લાખો લોકો રોજ કામ માગે છે પણ તેમને કામ મળતું નથી) (૨) તમારી સંપૂર્ણ કુશળતા વાપરીને કામને આત્મસાત કરો (૩) ઘરે થી સંપૂર્ણ માનસિક તૈયારી રાખીને આવો અને અગત્યના કામ સત્વરે પૂર્ણ કરો (૪) સમય સાથે કદમ મિલાવી આધૃનિકતાનો સહજ સ્વીકાર કરીને નવા જ્ઞાનને અપનાવતા રહો (૫) તમારા આત્માને અને મનને સંતોષ થાય એ રીતે કામ કરો. ખાલી બોસને વ્હાલા થવા દેખાડો ના કરો (૬) તમારી પાસે કામથી આવનાર દરેક વ્યક્તિ સાથે આદર અને માનથી આત્મીયતા પૂર્ણ વ્યવહાર રાખો (૭) સહકર્મીઓ પ્રત્યે હકારાત્મક વિચારો રાખો અને બીજાના કામમાં દખલ અંદાજી ના કરો (૮) સંસ્થાએ તમારા ઉપર જે ભરોસો મૂક્યો છે તેને નિભાવો (૯) કર્મચારીનું કામ એને મળેલ કામને કૂશળતાથી સમયસર પુરૂં કરવાનું હોય છે. કામમાં રાજકારણ ના લાવો (૧૦) દૂધસાગરમાં તમારા સમગ્ર વ્યક્તિત્વમાં સંસ્કાર, સભ્યતા અને ઉચ્ચ ચારિત્ર્યનું પ્રતિબિંબ દેખાવું જોઈએ

**પ્રશ્ન : દૂધસાગરના સોસાયટી સુપરવાઈઝરનું કાર્ય કેવું હોવું જોઈએ ? (રાજેશ ચૌધરી - વિભાગીય અધિકારી - વિસનગર)**

દૂધસાગરની સાથે -સાથે તમામ દૂધસંઘોમાં મંડળી સુપરવાઈઝર એ સંઘ અને મંડળીઓને જોડતી કડી અને ખૂબ અગત્યનો કર્મચારી છે. તે મંડળી ઉપર દૂધ સંઘના વહિવટનું પ્રતિબિંબ છે. એટલે, એનું વર્તન આદર્શ અને અનુકરણીય હોવું જોઈએ. સુપરવાઈઝર સંઘના પ્રતિનિધિ તરીકે સંઘની નિતીઓ અને કાયદાઓ સખ્તાઈથી અમલ કરાવે અને મંડળીઓના મિત્ર તરીકે તકલીફમાં સાચી સલાહ આપે એવો હોવો જોઈએ.

સહકારીતાના કાયદા, ઓડિટ, કોમ્પ્યુટરનું જ્ઞાન, ગુણવત્તાની સમજ અને ટેસ્ટીંગ, અવલોકન શક્તિ અને જિજ્ઞાસાપૂર્ણ, મહેનતું અને પ્રામાણિક હોવો જોઈએ.

મંડળીને અન્યાય થાય તો સંઘ સામે લડી લેવાની અને મંડળી ખોટુ કરે તો સંઘના નિયમ મૂજબ નિષ્પક્ષ સજા કરવાની ક્ષમતા અને નિયત સોસાયટી સુપરવાઈઝર પાસે હોવી જોઈએ. પોતાને મળેલું કામ જેવું કે ; મંડળીની દૂધ ખરીદી, હિસાબોની ચકાસણી, ડોક સુપરવિઝન વગેરે પ્રામાણિકતા અને ખંત થી કરવા જોઈએ. સંઘની સારી અને સાચી નિતીઓ, નિર્ણયો છેવાડાના દૂધ ઉત્પાદકો પાસે પહોંચે અને મંડળીમાં ન્યાયિક દૂધ ખરીદી દ્વારા દૂધ ઉત્પાદક તેનું યોગ્ય વળતર મળે એવું સત્ય બોલવાની હિમ્મતવાળો સુપરવાઈઝર એ દૂધસંઘની શક્તિ છે તે સત્ય છે.

**(વધુ આવતા અંકે ...)**

## ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી.સી.આર.પાટીલ અને કેબિનેટ મંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં

# દૂધસાગરના વડા બોલ્યા : આ ધોળા ઝભ્ભાને કાળો દાગ નહીં લાગવા દઉં



## દૂધસાગરમાં હવે પારદર્શીતા અને કરકસર હંમેશા રહેશે – દૂધના ભાવોમાં કદીય ઘટાડો નહીં થાય – આ વખતનો ભાવવધારો ઐતિહાસિક હશે : અશોકભાઈ ચૌધરી

ગત. ૨૪ એપ્રિલની સમી સાંજ એ વિસનગર તાલુકાના વિશાળ જન માનસમાં હંમેશા અંકિત રહેશે. અભૂતપૂર્વ જનમેદની વચ્ચે આ વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત રાજ્ય સરકારના કેબિનેટ મિનીસ્ટર શ્રી. ઋષિકેશભાઈ પટેલ અને દૂધસાગર ડેરીના યશશ્વી તથા પારદર્શક વહિવટના પ્રણેતા શ્રી.અશોકભાઈ ચૌધરી નો સન્માન સમારંભ ગુજરાત ભાજપ પ્રદેશના અધ્યક્ષ શ્રી.સી.આર. પાટીલજીની ઉપસ્થિતીમાં સંપન્ન થયો.

વિસનગર તાલુકા ચૌધરી સમાજ અને પશુપાલક હિત રક્ષક સમિતી આયોજીત આ સન્માન સમારંભમાં પંથકના હજારો પશુપાલક ભાઈઓ-બહેનોની ઉત્સાહસભર હાજરી જોવા મળી હતી. હજારો પશુપાલકો ની જનમેદની વચ્ચે કેબિનેટ મંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલ અને દૂધસાગર સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીના વહિવટીય કુશળતાના ગુણાનુવાદ સાથે ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રીમાન. સી.આર. પાટીલે સરકાર અને સહકારના આ શુધ્ધ મિલનને આવકાર્યું હતું.

વધી રહી છે. દૂધસાગર ડેરીમાં હવેની કાચા માલની તમામ ખરીદીઓ પારદર્શક અને કરકસર થી થઈ રહી છે - જેનો સીધોલાભ પશુપાલકોને થવાનો છે ત્યારે મારો સૌને અનુરોધ છે કે ; કોઈની લાલચમાં અને ખોટી વાતોમાં આવ્યા વિના તમારું વિચારજો અને ઋષિકેશભાઈ પટેલ તથા અશોકભાઈ ચૌધરીના આ સરકાર અને સહકારની વિકાસલક્ષી અદભૂત જૂગલબંધીને તમારું સમર્થન આપજો આ સાથે શ્રીમાન પાટીલજીએ જણાવ્યું કે ; હમણાં અશોકભાઈએ મને પશુપાલકોની દિવાળી સુધારવાનું વચન આપ્યું છે અને મને વિશ્વાસ છે કે તેઓ આ કરી બતાવશે. હસતાં-હસતાં તેઓ બોલ્યા : મને પેપર ફોડવાની ના પાડી છે પણ આ સમાચાર સાચા છે !!

આ પ્રસંગે વિસનગરના ધારાસભ્ય અને સરકારના કેબિનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલે પોતાની આગવી શૈલીમાં લાખા વણઝારાની વાત કરી દૂધસાગર ડેરીને પાણીની પરબ જેવી પવિત્ર સંસ્થા તરીકે અને શ્રી.અશોકભાઈ ચૌધરીને સાચા રક્ષક તરીકે સંબોધ્યા હતા.

**હજારો પશુપાલકો ની જનમેદની વચ્ચે કેબિનેટ મંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલ અને દૂધસાગર સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીના વહિવટીય કુશળતાના ગુણાનુવાદ સાથે ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રીમાન. સી.આર. પાટીલે સરકાર અને સહકારના આ શુધ્ધ મિલનને આવકાર્યું હતું.**

આશરે ત્રણ કલાક સુધી જનતા જનાર્દનનો જૂસ્સો, જૂવાળ અને સાતત્ય સાચવી રાખનાર આ સમારંભમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રીમાન પાટીલજીએ જણાવ્યું હતું કે ; દૂધસાગર ડેરીમાં ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં સંસ્થાનો ચોતરફથી વિકાસ થઈ રહ્યો છે. આજે દૂધસાગર સાથે જોડાયેલા લાખો પશુપાલકોને પોષણક્ષમ દૂધના ભાવો મળવા માંડ્યા છે તથા આ ડેરી ધીમે-ધીમે દેવામુક્ત બની વિકાસના પંથે આગળ

દૂધસાગરના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ પોતાના લાગણીશીલ અને ભાવવાહી પ્રવચનમાં ઉપસ્થિત હજારો પશુપાલકોને નવા નિયામક મંડળની મહેનતથી વાકેફ કરી એક અર્થમાં તેમના શાસનના પંદર વર્ષનો જીણવટપૂર્વકનો હિસાબ આપી આ વિશાળ જનસંખ્યાની ઉપસ્થિતી તથા તેમના સમર્થનને પોતાની શક્તિ ગણાવી દૂધસાગર ફરીથી પોતાની જાહોજલાલી પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**સરકારના કેબિનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલે પોતાની આગવી શૈલીમાં લાખા વણઝારાની વાત કરી દૂધસાગર ડેરીને પાણીની પરબ જેવી પવિત્ર સંસ્થા તરીકે અને શ્રી.અશોકભાઈ ચૌધરીને સાચા રક્ષક તરીકે સંબોધ્યા હતા.**

# મૂલ્યનીષ્ઠ રાજકારણના મહાત્મા
# સ્વ.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી



ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલો વિજાપુર તાલુકાનો વિસ્તાર એટલે ઉત્તર ગુજરાતનો ખૂબ ફળદ્રુપ ઈલાકો - આ વિસ્તાર એ ઉત્તર ગુજરાતનો બગીચો ગણાય ! મીઠું પાણી અને ફળદ્રુપ જમીન આ તાલુકાના મકાખાડ રેલ્વે સ્ટેશનથી દક્ષિણે એક કિલોમીટરના અંતરે માણેકપુર ગામ આવેલું છે. આપણી દૂધસાગરના ચારિત્ર્ય નાયક સ્વ.મોતીભાઈ ચૌધરી એટલે આ માણેકપુરની માટીએ આપેલું એક એવું રત્ન જેને ઉત્તર ગુજરાતના લાખો-લાખો પશુપાલકો કદી નહીં વિસરી શકે !!

આગામી મે માસની પહેલી તારીખે સ્વ.મોતીબાપુને આપણી વચ્ચેથી વિદાય લીધાના ૧૭ વર્ષ પૂરા થાય છે. સતત બત્રીસ - બત્રીસ વર્ષો સુધી દૂધસાગરના ચેરમેન પદે રહ્યા અને તોયે આવડા મોટા વહિવટને વિવાદથી દૂર રાખનાર મોતીભાઈને કોઈ ના ભૂલી શકે ! મોતીભાઈએ ડેરીનો વહિવટ એવી કરકસરથી, પ્રામાણિકતાથી અને તટસ્થતા પૂર્વક ચલાવી કે તેઓ જીવ્યા ત્યાં સુધી દૂધસાગરને નવા ચેરમેનની કદીય જરૂર જ ના પડી ! આજે નવા અને કેટલાક જૂના કર્મચારીઓ કહે છે કે ; આ ડેરી તો ઓટો - મોડમાં ચાલે છે !! આ ડેરી સ્વયંભૂ ચાલે તે જશના કોઈ ભાગીદાર હોય તો માત્ર મોતીબાપુને જ ગણી શકાય. પોતાના શાસન દરમ્યાન નાના-મોટા સૌ અધિકારી અને કર્મચારીઓને ફરજ પરસ્ત બનાવવામાં મોતીભાઈ સાહેબનો સિંહફાળો રહ્યો છે. સૌ કર્મચારીઓ પાસેથી ખૂબ જ વ્યવસ્થિત કામ લેવાની મોતીબાપુની કુશળતા નોંધપાત્ર હતી. આજે પણ મોતીબાપુના સમયમાં નોકરી કરી હોય તેવા કર્મચારીઓ કાગળનો બચાવ અદભૂત રીતે કરી જાણે છે આજે પણ તેઓ નોંધ લખવી હોય તો કાગળની ગળી વાળી પાછળના ભાગે નોંધ લખે છે. આ અદા જ સાબિત કરે છે કે : મોતીબાપુ દૂધસાગરમાં આજે પણ ચેતના સ્વરૂપે સૌની સાથે છે. સાચી વાત છે : આ દૂધસાગર સ્વયંભૂ રીતે ઓટોમોડમાં ચાલે છે અને મોતીબાપુ કોઈને કોઈ રૂપે આપણી સાથે છે !!

## દૂધના દૂધમાં રાખી દૂધસાગરને સમૃધ્ધ કરનાર સુકાનીને સાગર અંજલિ



દૂધસાગરના વહીવટમાં મારે અને મારા સાથી મિત્રોએ વંદનીય મોતીબાપુ પાસેથી એક ગુણ શીખવા જેવો છે : મોતીબાપુ રૂપિયાને ૧૦૦ પૈસામાં નહોતા વહેંચી નાખતા તેઓ રૂપિયો બની શકે ત્યાં સુધી તોડવામાં નહોતા માનતા તેઓ કહેતા, રૂપિયો આખો રાખો તો સંસ્થાના મોટા કામ થાય ! આ મોતીભાઈની કરકસર હતી.

સ્વ.માનસિંહભાઈ સાહેબના અવસાન બાદ દૂધસાગર ડેરીમાં ઉતરી પડેલ શૂન્યાવકાશની સૂપેરે ભરપાઈ કરી બાલ્યાઅવસ્થાની દૂધસાગરને આંગળી પકડી જવાનીનો જોશ આપનાર અને આ દૂધસાગરમાં સમૃધ્ધિની છોળો ઉડાળનાર અને સાચા અર્થમાં આપણી દૂધસાગરને મહાસાગર બનાવનાર - કે જેમનું ઋણ પૃથ્વી ઉપર ચંદ્ર અને સૂર્ય છે ત્યાં સુધી કોઈ ન ચૂકવી શકે તેવા મહામાનવ મોતીભાને દૂધસાગર ના કોટિ-કોટિ પશુપાલકો, મારા નિયામક મંડળના સાથીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ વતીથી ૧૭ મી પૂણ્યતિથી નિમિત્તે મારી યાદાંજલિ - ભાવાંજલિ - હેતાંજલિ - સ્મરણાંજલિ - શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું !!

એક દિવો પ્રગટાવી અથવા બે અગરબત્તી કરી મોતીબાપુને યાદ કરીએ એનો કોઈ અર્થ નથી ! દૂધસાગરમાં હોઈએ ને તો મોતીબાપુને જીવવાના હોય આપણા વર્તન - વ્યવહારમાં મોતીબાપુને ક્ષણે - ક્ષણ ઉતારવાના હોય. દૂધસાગર ડેરી ને સમજવા માટે મોતીબાપુથી મોટો કોઈ શિક્ષક ના હોઈ શકે !! સાચી સહકારીતા એટલે - મારા દ્રષ્ટિકોણથી : સ્વ. મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી.

મોતીબાપુ એટલે નખશિખ દૂધસાગર અને છતાંય સાધુપુરૂષ - સાધુ એટલે શું ? ટ્રસ્ટી !! આ ગુણ આપણા જીવનમાં ઉતારીએ એજ સાચી શ્રધ્ધાંજલિ

એજ ... અશોક બી. ચૌધરી
(ચેરમેન - દૂધસાગર ડેરી)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા